ગાંધીનગર સમાચાર

# શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં બ્રિજ કોર્સનો વર્ક-શૉપ શરૂ કરાયો





ગાંધીનગર, તા. ૨૦

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક, સે-૨૨, ગાંધીનગરમાં ધો-૧૦ પાસ વિદ્યાર્થીઓને કારકિર્દી અને ઈજનેરી ક્ષેત્રે રહેલું ભાવિ સમજાવતા બ્રિજ કોર્ષનો વર્ક-શોપ યોજવામાં આવ્યો છે.

આ વર્કશોપનાં પ્રારંભમાં પ્રો. ધર્મેશ વંડરાએ જણાવ્યું કે યુવાનીનો સમય કારકિર્દી બનાવવાનો છે. આ સમયનો મહત્તમ ઉપયોગ નોલેજ ભેગું કરવા માટે કરવો જોઈએ. હવેનો સમય નોલેજ અને સ્કિલનો રહેશે. ડિગ્રી સાથે સ્કિલ અને એટીટ્યુડ મહત્વનાં રહેશે. હકારાત્મક અભિગમ વ્યક્તિને સફળતા સુધી લઈ જશે. દરેકના જીવનમાં ઈશ્વરે સફળતા લખેલી છે, પણ તેનો સમય અને સ્થળ વ્યક્તિદિઠ અલગ- અલગ હોય છે. માત્ર વ્યક્તિએ તેની સ્કિલને પરિશ્રમ અને ઉદ્યમતા દ્વારા અપડેટ કરતા રહેવુ જોઈએ. સફળતા એકને એક દિવસ અચૂક મળશે. બરાક ઓબામા નાની ઉંમરે અમેરિકાનાં પ્રમુખ બન્યા અને ૫૦ વર્ષે રીટાયર્ડ થયા, જ્યારે અમેરિકાનાં ૪૫મા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૭૦ વર્ષે પ્રમુખ પદે રાજકીય કારકિર્દી શરૂ કરી. ઘણા વ્યક્તિ ૨૫ વર્ષે બિઝનેસ શરૂ કરી ૫૦ વર્ષની જિંદગી જીવે છે, તો ઘણા વ્યક્તિ ૬૦ વર્ષે બિઝનેસ શરૂ કરી ૯૦ વર્ષની જિંદગી જીવે છે. દરેક નિષ્ફળતા જીવનમાં પાઠ શીખવે છે, પણ હકારાત્મક અભિગમતા રાખવાથી સફળતા કોઈ પણ ઉંમરે અને કોઈ પણ જગ્યાએ મળશે જ. ક્યારેય પણ હતાશાને જીવનમાં પ્રવેશ આપવો નહિ. આ બ્રિજકોર્ષમાં પ્રથમ દિવસે ૧૨૫ થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કોર્ષમાં રોજ ઈન્ડસ્ટ્રી નિષ્ણાત અને મોટીવેશન નિષ્ણાતો કારકીર્દી માર્ગદર્શન આપશે. વિદ્યાર્થીઓ એન્જિનિયરીંગના પ્રેક્ટિકલ કરી દરેક ફિલ્ડનું માર્ગદર્શન મેળવશે.

## ‘આર્ષ’ શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર ખાતે રવિવારે

# સફળતાનાં સુદૃઢ સોપાનો વિષયે પ્રવચન

ગાંધીનગર, તા. ૨૦

દરેક વ્યક્તિ સફળતાને ઝંખે છે. તે પછી કોઈ પણ ક્ષેત્રમાં હોય કારકિર્દી હોય, સામાજિક ક્ષેત્ર હોય, વ્યક્તિગત જીવન કે પારિવારિક જીવન. દરેક વ્યક્તિ પૂર્ણ સફળતાને ઈચ્છે છે. દરેક વ્યક્તિના મનમાં એમ હોય છે કે, મારા સંબંધો કાયમ સારા રહે, મારા કામ બધા સારા થાય. મારા વ્યક્તિગત જીવનમાં મારે ધન, વૈભવ, સમૃદ્ધિ રહ્યા કરે. પરિવારમાં સંપ રહ્યા કરે આવી અનેક પ્રકારે સફળ થવાની ઈચ્છાઓ રહ્યા કરે છે. અને સફળતાઓ માટે દરેક વ્યક્તિ પ્રયત્નશીલ પણ હોય અને પ્રયત્નશીલ હોવું તે બહુ સારી વાત છે. એ માટે આપને કયા વિચારો, સમજણો, વર્તનો, કાર્યો, લાગણીઓ રાખવી જોઈએ? જીવનમાં કંઈક પ્રાપ્ત કરવું છે એવા ધ્યેય સાથે ચાલવું. અન્યને મદદરૂપ થવું. દરેક પ્રતિ સદ્ભાવ રાખવો છે. ચારિત્ર્ય મૂલક વર્તન હોય જે સફળતા માટે તમામ ક્ષેત્રે ઉપયોગી બને છે.

પ્રમુખ સ્વામી મહારાજ કહેતા ‘બીજાના સુખમાં આપણું સુખ’ એવી જીવન ભાવના - સાથે જીવવું. કરોડો રૂપિયા કમાવવા એ અથવા કોઈ કાર્યની સિદ્ધિ એ કંઈ



સફળતા નથી. પણ વ્યક્તિગત જીવનમાં પરિવારમાં સંપ રહે, આપનું સ્વાસ્થ્ય સારુ રહે. પરસ્પરના સંબંધો સારા રહે, ધર્મમય જીવન રહે એ પણ સફળતા છે. પારિવારિક જીવનમાં આપણે સમય આપી શકીએ. ભવિષ્યની પેઢીને આપણે સંસ્કારી કરી શકીએ

આમ વ્યક્તિગત સફળતા, પારિવારિક સફળતા, સામાજિક સફળતા અને પોતાના કાર્યક્ષેત્રમાં પ્રોફેશનલ સફળતા : આ તમામ સફળતાઓ માટે ચોક્કસ સોપાનો-પગથીયાની વિશેષ જાણકારી માટે ‘આર્ષ’ અક્ષરધામ, ગાંધીનગર દ્વારા આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા અંતર્ગત તા.૨૨/૦૬/૨૦૧૯ને શનિવારે સાંજે ૦૪-૩૦ થી ૦૭-૦૦ કલાક દરમ્યાન અક્ષરધામ હરિમંદિર ખાતે “સફળતાના સુદૃઢ સોપાનો (Sure Steps to Success)” વિષયનું આયોજન કરેલ છે. આ ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવનાર, દેશવિદેશમાં મોટીવેશનલ સ્પીકર તરીકે સુપ્રસિદ્ધ અને વિદ્વાન વક્તા પૂ. જ્ઞાનવત્સલદાસ સ્વામીના પ્રવચનનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રવચનનો લાભ લેવા નાગરીકોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જન્મદિને વધામણી



નટુભાઈ કાળીદાસ દરજી
મો. ૯૮૨૪૬ ૯૧૯૨૬



પંકજ બી દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫



યજ્ઞકુમાર
મનોજકુમાર જોષી



વૈભવી
જિજ્ઞેશગિરિ ગોસ્વામી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

## હેત ફાઉન્ડેશન, સ્વર ધડકન મ્યુઝીકલ ગ્રુપ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા

# ગુજરાતી ગીતોનો કાર્યક્રમ ‘ચાલતો રહેજે’ યોજાયો





ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના ઈતિહાસમાં પહેલી વાર ૨-૨ વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત કરી, હેત ફાઉન્ડેશન અને સ્વર ધડકન મ્યુઝીકલ ગ્રુપની ટીમે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને ગાંધીનગર મહાનગર પાલિકાના સહયોગથી આંબેડકર હોલ ખાતે ગુજરાતી સંસ્કૃતિ અને ગુજરાતી ગીત - સંગીતને જાળવવા અને નવી પેઢી એનો વારસો જાળવી રાખે એવા વિચારથી ગુજરાતી ફિલ્મી અને નોન ફિલ્મી ગીતોના કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી તથા ગીત સંગીત સાથે જોડાયેલ અને એને આગળ લઈ જવા માટે યોગદાન આપનારા ગાંધીનગરના કલાકારોનું ગાંધીનગર મહાનગર પાલિકાનાં માનનીય મેયર રીટાબેન કેતનકુમાર પટેલ અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાંત જહાના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ગુજરાતી રોક સ્ટાર અરવિંદ વેગડા, કલાજગતના માનીતા જીતેન્દ્ર ઠક્કર, લોક ગીત - સંગીતના માસ્ટર સુખદેવ ગઢવી, ગુજરાતી ફિલ્મ જગતના કોરીઓગ્રાફર રાજ સીનેજીયા, ગુજરાતી ફિલ્મના કલાકારોને સન્માનિત કરી આગળ વધારવામાં પ્રોત્સાહિત કરતા એવા જીફા પ્રમુખ હેતલ ઠક્કર, ઈન્ટરનેટ રેડીઓ જલસોના આરજે હર્ષ, એસપી ઓફિસ, ગાંધીનગરના પ્રવીણ વાલેરા, સંજય થોરાત, મયુર જોષી, હિરેન ભટ્ટ, સુરેશ રત્નોત્તર, કિરીટકુમાર અગ્રાવત અને ગાંધીનગરની જનતાએ હાજર રહી ગુજરાતી ગીતોની મોજ માણી, ગાંધીનગરના નવા કલાકારોને આવકાર્યા હતા અને પ્રોત્સાહિત કર્યા હતા. ગુજરાતી સાહિત્યના પ્રેમી, લેખક, એક્ટર, ભવન્સ આર્ટસ અને કલ્ચરલ સેન્ટરના ડીરેક્ટર જીગર રાણાએ આ કાર્યક્રમનું સંચાલન સાભળ્યું હતું.

આ કાર્યક્રમના આયોજક હેત ફાઉન્ડેશનના પ્રમુખ સંજય તન્નાએ તમામ મહેમાનો, કલાકારો, ગાયકો અને ગાંધીનગરની જનતાનો ખુબ ખુબ આભાર માન્યો હતો અને ઉમર્યું હતું કે આવી જ રીતે સાથ સહકાર મળતો રહેશે તો સંસ્થા આવા નવા કોન્સેપ્ટ પર કાર્યક્રમો કરતી રહેશે.

# ગાંધીજીનો વિનોદ

॥ ૬૩મો મણકો ॥

### ૧૬૧ - જેલનું રીઢું પંખી

ગાંધીજીને જાત જાતના પ્રશ્નો પૂછનારા લોકો હતા. એક ભાઈએ કુતૂહલવશ તેમને પૂછ્યું, તમે કાંતો છો શા માટે ?

ગાંધીજીએ કહ્યું, સહનશીલતા કેળવવા માટે એ મોટી અને સારી કસરત છે. તમારાં પત્ની જ્યારે ગુસ્સે થાય ત્યારે દલીલ ન કરતા, કાંતવા માંડજો.

મર્માળુ હાજરજવાબ સાંભળી પૂછનાર પણ પ્રસન્ન થયા.

### ૧૬૨ - દશનાં ગળાં કાપું

મુંબઈના મણિભુવનમાં બેઠાં બેઠાં ગાંધીજી જાતે હજામત કરતા હતા. દાઢી પર સેફ્ટી રેઝર ફેરવતાં ફેરવતાં તેઓ વાતો પણ કરતા હતા.

અસ્ત્રો દાઢી પર ફરે પણ દાઢી પરના વાળના ખૂટ જતા નહોતા. તેથી તેઓ દાઢી પર પાંચ-સાત વાર અસ્ત્રો ફેરવતા હતા. તે વેળા સુભાષચંદ્ર બોઝ પાસે બેઠા બેઠા આ જોતા હતા.

વારંવાર અસ્ત્રો ફેરવતા જોઈ તેમણે ગાંધીજીને કહ્યું, બાપુ. આ અસ્ત્રો બુઠ્ઠો થઈ ગયો છે. તેથી એની બ્લેડ બદલી કાઢવાની જરૂર છે.

ગાંધીજીએ ગમ્મતમાં કહ્યું, જા રે જા, અસ્ત્રાથી તમારા જેવા દશનાં ગળાં કાપી નાખું.

એમ કહીને તેઓ જોરથી હસ્યા. સુભાષચંદ્ર અને બીજાઓએ પોતાનું હાસ્ય તેમાં ભેળવ્યું.

૧૬૩ - એક જમાનાનો વકીલ પણ હાલમાં બહારવટિયો

ગાંધીજીના જીવનના વિગતો મેળવવા કેટલાક અધિકારીઓ ફૉર્મ લઈને આવ્યા હતા. તેઓ ગાંધીજીને પ્રશ્નો પૂછતા જાય અને જવાબો કૉલમમાં લખતા જાય. ગાંધીજીનો ધર્મ, સ્ટેટસ વગેરેના જવાબો આવી ગયા પછી તેમનો ધંધો શો છે એ કૉલમ ભરવાની આવી. ગાંધીજીની આસપાસ બેઠેલાઓ આશ્ચર્યવત જોઈ રહ્યા હતા કે હવે ગાંધીજી શો જવાબ આપશે. અધિકારીઓ આતુરતાથી તેમના તરફ જોઈ રહ્યા હતા.

ગાંધીજીની મંડળીના એક સભ્યે કહ્યું, ‘લખો, સામાજિક કાર્યકર.’

બીજા બોલ્યા, ‘ના, ના. લખો કે રાજદ્વારી પુરુષ.’

ગાંધીજીએ આંખના રમૂજી પલકારા સાથે કહ્યું, અરે થોભો, થોભો. લખો કે એક જમાનાનો વકીલ પણ હાલમાં બહારવટિયો.

આ જવાબથી બધા જ હસી પડ્યા.

### ૧૬૪ - મુક્ત હાસ્ય

કેટલાક પાસે વિશ્વવીજયી તલવીર હોય છે, કેટલાક પાસે વિશ્વમોહિની ચતુરાઈ હોય છે. કેટલાક પાસે વિશ્વવશી રૂપ હોય છે, કેટલાક પાસે વિશ્વભયંકરી સત્તા હોય છે. ગાંધીજી પાસે આમાંનું એકે નથી. તેમની પાસે ફક્ત વિશ્વપ્રેમી હાસ્ય છે અને તે એક વિશ્વપ્રેમી હાસ્યની અંદર ઉપર વર્ણવેલી બધી વસ્તુઓ સમાઈ રહેલી છે. આ પવિત્ર હાસ્યે વડીલોને વશ કર્યા છે. બાળકોને વશ કર્યા છે. ચોર-લૂંટારાને અને ખૂની લોકોને સમાજના હિતેચ્છુ બનાવ્યા છે, ધૂર્તોને લજ્જિત કર્યા છે, દીર્ઘસૂત્રીઓને ઉદ્યમી બનાવ્યા છે, દુખિયાંને સંતોષ્યાં છે, પારકાંને પોતીકાં બનાવ્યાં છે, વિખૂટાં પડેલાંને જોડી દીધાં છે અને કટ્ટર વિરોધીઓને દિલોજાન દોસ્ત બનાવ્યા છે. આવા આ હાસ્યમાં શું જાદુ હશે ? આ હાસ્યમાં કયું રસાયણ હશે કે જેમાં આટલી અપૂર્વ શક્તિઓ ભરેલી છે ? આ હાસ્યમાં કૃત્રિમતા નથી, સ્વાર્થ નથી અને અહંકાર પણ નથી. એમાં સત્ય છે, અહિંસા છે, વિશ્વપ્રેમ છે, આત્મૌપ્ય છે, એમાં કારુણ્ય છે, પરવૃત્તિપ્રવેશ છે, અમૃતસંજીવની છે. એ જ એનું જાદુ, એ જ એની સત્તા, એ જ એની મોહિની. ગંગાનો સ્વચ્છ સ્રોત જેમ અવિચ્છિન્ન વહે છે, ઘડીમાં ગંભીર થાય છે, ઘડીમાં તરંગિત થાય છે અને ઘડીમાં સુધાધવલ ફીણથી ખળખળાટ હસે છે તેમ ગાંધીજીની પવિત્ર મૂર્તિ અનેક વૃત્તિઓમાં એક જ વિશ્વપ્રેમ દાખવે છે.

\- કાકાસાહેબ કાલેલકર

તેમના જેટલું જલદી ને ખડખડાટ હસનાર કોઈ મહાપુરુષ મેં જોયો નથી. રહેજ પણ નિમિત્ત મળતાંવેંત નાના બાળકના આનંદની પેઠે તેમનો આનંદ ઊભરાઈ જાય છે. તેને લીધે જ તેમના સ્મિતમાં આટલું બધું સામર્થ્ય રહેલું છે. એ સ્મિત એકાએક અને અણધાર્યું નથી આવતું. પણ હૂંફ ને તેજના વાતાવરણની પેઠે કાયમ હાજર જ હોય છે. મને તેમનો આ આનંદ જોઈને પહેલાં તો મૂંઝવણ થયેલી. મને થયું, આ માણસને માથે એમના દેશનો આટલો બોજો છે, સામ્રાજ્યના ઈતિહાસમાં સૌથી મોટો વિષમ પ્રસંગ આ ક્ષણે એમની સામે પડેલો છે. આખી દુનિયામાં કરોડો માણસો એમનો એક બોલ ને એમનું એક એક કામ આતુરતાથી સાંભળી ને નિહાળી રહ્યા છે, છતાં તેઓ કંઈ રમૂજી વાત કે બેહૂદા બનાવનું વર્ણન ।સંભળતાં આટલા બધા ગેલમાં કેમ આવી શકતા હશે ? આટલા બધા મહત્ત્વના બનાવો બની રહેલા એવે વખતે તેઓ આટલા ઉમળકાથી હસી શકતા હતા એ વસ્તુ કળી શકાતી નહોતી. છતાં મેં એનો વિચાર કરી જોયો તો મને સમજ પડતી લાગી. એમનો આનંદ એ એક પ્રકારનું દ્વાર છે ને તે સીધું ગાંધીજીના આત્મનાં ગૂઢ સ્થાનોમાં ઊઘડે છે. આ પુરુષ જે મહાત્મા છે તે શા સારુ ન હશે ?

તેમની વિનોદવૃત્તિ દાબી ન શકાય એવી છે અને તેમની સરળતા મોહની લગાડે એવી છે.

\- જૉન હેન્સ હોમ્સ

**‘ગાંધીજીનો વિનોદ’ પુસ્તકમાંથી સાભાર**

# ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઑફ નર્સિંગના લાયબ્રેરીયન સેવજીભાઈ પીએચડી થયા



ગાંધીનગર, તા. ૨૦

ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગના લાયબ્રેરીયન સેવજીભાઈ બી. રાઠવા દ્વારા ડૉ. કિરીટ એચ. શુક્લ, ગ્રંથપાલ, ગુજરાત સાહિત્ય અકાદમીના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલો ‘પંચમહાલ જિલ્લામાં સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિઓ : એક અભ્યાસ’ વિષયક શોધ નિબંધ માન્ય રાખીને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા ડોકટર ઓફ ફિલોસોફી (પી.એચ.ડી.) પદવી એનાયત કરવામાં આવી છે.

તેમની આ સિદ્ધિ બદલ શ્રી અખિલ આંજણા કેળણી મંડળ ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ ચૌધરી, સમગ્ર ટ્રસ્ટી મંડળ, ભગીની સંસ્થાઓ, કોલેજના પ્રિન્સીપાલ મયુક જૈન, કેમ્પસ ડાયરેક્ટર યશવંતભાઈ ચૌધરી, સમગ્ર સ્ટાફ તથા માર્ગદર્શક ડૉ. કિરીટ શુકલાએ તેમને અભિનંદન પાઠવ્યા છે.

## કથક ઈન્સ્ટીટ્યુટ ઑફ પરફોર્મિંગ આર્ટ્સનાં

# ચાર તાલીમાર્થીઓનું આરંગેત્રમ યોજાયું





ગાંધીનગર, તા. ૨૦

કથક ઈન્સ્ટીટ્યુટ ઑફ પરફોર્મિંગ આર્ટ્સ દ્વારા ચાર તાલીમાર્થીઓનું આરંગેત્રમ રવિવારે ગાંધીનગર ટાઉનહૉલમાં યોજાઈ ગયું.

કલાગુરુ ખુશ્બુ શુક્લાના માર્ગદર્શન હેઠળ માહી, પ્રિયાંશી, હિયા અને ધન્વી દ્વારા આ આરંગેત્રમ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

૧૩ વર્ષીય માહી સ્વામિનારાયણ પબ્લિક સ્કૂલ, ગાંધીનગરની વિદ્યાર્થીની છે અને તે ૨૦૧૨થી ભરતનાટ્યમની સાધના કરી રહી છે. ધન્વી પણ આ જ સ્કૂલમાં ધોરણ-૮માં અભ્યાસ કરે છે. પ્રિયાંશી હિલવૂડ સ્કૂલના ધોરણ-૧૦માં અને હિયા ધોરણ-૮માં અભ્યાસ કરે છે.

ગાંધીનગર ટાઉનહૉલમાં યોજાયેલા આ આરંગેત્રમ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલ, નૃત્ય કલા કેન્દ્રનાં ડિરેક્ટર મહેશ્વરી નાગરાજન અને ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહ્યા હતા.

## આઈબીએમના સહયોગથી ગુજરાતમાં સૌપ્રથમ

# ગણપત યુનિવર્સિટી દ્વારા બીએસસી ડેટા સાયન્સ પ્રોગ્રામની શરૂઆત

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર ટેકનોલોજીએ આઈબીએમના સહયોગથી નવા ‘બીએસસી ડેટા સાયન્સ કોર્સ(પ્રોગ્રામ)’ ની રજુઆત કરી છે. આ સહયોગ ડેટા સાયન્સ માટે એપ્લિકેશનને વિકસાવવા અને ઉપયોગ કરવા જ્ઞાન અને કુશળતા સાથે ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓને સજ્જ કરશે. ઉપરાંત આઈબીએમ કૅરિઅર એજ્યુકેશન પ્રોગ્રામ દ્વારા અવાર-નવાર અને સતત રજુ થતા સંબંધિત કોર્સિસ વિષે પણ યુનિવર્સિટીના ફેકલ્ટી-મેમ્બર્સને જ્ઞાત કરવામાં આવશે જેથી તે જ્ઞાનનો સમાવેશ બીએસસી ડેટા સાયન્સ ના કોર્સમાં પણ ક્રમશઃ ઉમેરો કરી શકાય.

બીએસસી ડેટા સાયન્સનો આ પ્રોગ્રામ ત્રણ વર્ષનો છે, જેમાં વિદ્યાર્થીઓ ભવિષ્યના વિશ્લેષક - એક ડેટા વૈજ્ઞાનિક બનશે જે વ્યાપક વિશ્લેષણાત્મક અને તકનિકી કુશળતા સાથે ડેટાને સંભાળવા અને તેનું વિશ્લેષણ કરવાના તમામ પાસાં આવરી લેશે. વિદ્યાર્થીઓને તકનીકિ વિષયો જેવા કે ડેટા સાયન્સ, પ્રોગ્રામિંગ, મશીન લર્નિંગ, એલ્ગોરિધમ્સ ડેવલમેન્ટ અને ડેટા મેનેજમેન્ટ તેમજ તેની સાથે સામાજિક વિજ્ઞાન એપ્લિકેશન્સ, સંશોધન પદ્ધતિઓ, ડેટા વિઝ્યુલાઈઝેશન, કોમ્યુનિકેશન અને નિર્ણાયક પ્રતિબિંબ માટે ગણિતશાસ્ત્ર અને આંકડાઓમાં વ્યાપક શિક્ષણ મળશે.

બીએસસી ડેટા સાયન્સ કોર્સ(પ્રોગ્રામ) વિશે વિદ્યાર્થીઓએ વધુ જાણવા ગણપત યુનિવર્સિટીની અમદાવાદ ઓફિસ - ગણપત યુનિવર્સિટી સિટી ઓફિસ અને માહિતી




સેન્ટર, ૩જો અને ૪થો માળ, ગણેશ મેરિડિયન, બ્લોક – એ, ચાણક્યપુરી રોડ, કારગિલ પેટ્રોલ પંપની સામે, એસ.જી, હાઈવે, અમદાવાદ ખાતે રૂબરૂ આવવાનું રહેશે અથવા તેઓ વેબસાઈટ www.ganpatuniversity.ac.in પણ વિઝિટ કરી શકશે.

એક સર્વે અનુસાર ભારતમાં ડેટા વૈજ્ઞાનિકોની માંગ વર્ષ ૨૦૨૩માં અંદાજે ૩.૫૦ લાખની થશે. ભારતની નોકરી શોધની પ્રસિદ્ધ સાઈટ - Naukri.com દ્વારા કરાયેલ સર્વેમાં ભારતમાં ડેટા વૈજ્ઞાનિકોની ૨૫ હજારથી વધુની તકો છે. આગામી સમયમાં તેની માંગ સાથે વેતનમાં પણ વધારો થશે. હાલ ડેટા વૈજ્ઞાનિકનું સરેરાશ વેતન પેકેજ રૂ. ૭ લાખ જેવું છે જે વધીને ૮ લાખ સુધી પહોંચી શકે છે. આ કોર્સમાં જોડાવા માટે વિદ્યાર્થીઓએ કોઈ પણ બોર્ડમાંથી ૧૨ કોમર્સ અથવા ૧૨ સાયન્સ પાસ કરેલ હોવું જરૂરી છે.

ગણપત યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર શ્રી ડૉ. મહેન્દ્ર શર્માએ પ્રોગ્રામની પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે ‘અમે આ કોર્સની રજુઆત ભવિષ્યમાં સર્જનારી તકોને લઈને કરી છે. અમે સંશોધન કર્યું છે કે અગામી ૨૦૨૩ સુધીમાં ડેટા વૈજ્ઞાનિકો માંગ અંદાજે ૩.૫૦ લાખથી પણ વધુને ઊભી થઈ શકે છે. ભવિષ્યમાં સર્જનારી માંગને કેન્દ્રમાં રાખી અમે આઈબીએમના સહયોગથી આ નવા બીએસસી ડેટા સાયન્સ કોર્સની રજુઆત કરીએ છીએ. દેશના આર્થિક-સામાજિક ઉત્કર્ષમાં અને નવા ભારતના ટેક્નોલોજીકલ વિકાસમાં પણ આ ડેટા વૈજ્ઞાનિકો મહત્વનું પ્રદાન કરી શકશે. આઈબીએમ નિષ્ણાંતોનું એ જ માનવું છે કે ભવિષ્યમાં આવનારી નોકરીની તક માટે યુવા પેઢીને સ્કિલ-ડેવલપ કરી ઈન્ડસ્ટ્રીની માંગને સંતોષવાની સાથે સાથે ગણપત યુનિવર્સિટીના સહયોગથી પ્રાધ્યાપકોને ટેક્નોલોજીમાં તૈયાર કરવા, પુરતી ટ્રેનીંગ અને સંશોધન પુરા પાડવા છે.